ગુજરાતમિત્ર

SELFIE WITH GANESH

તમે અમને સેલ્ફી મોકલી શકો છો

\Gujaratmitra

હીરલ શાહ, રત્નમ ઓએસિસ, વાઘોડિયા રોડ

ગિરીશ તોલાની, એસ.કે.યુવક મંડળ, વારસિયા

જશોદાબેન વણકર, આદર્શ પ્રગતિ મંડળ

મહારાણી મહિલા ગ્રૂપ, સલાટવાડા

બિંદુબેન ચોકસી, પારુલ સોસાયટી

સ્વામિનારાયણ મંદિર, વડતાલધામ

શુભલક્ષ્મી સોસાયટી, હરણી વારસિયા રીંગ રોડ

દૂર્ગંધયુક્ત પીવાના પાણી કારણે વિસ્તારમાં રહેતા લોકો તણાવમાં

ખિસકોલી સર્કલ પાસેના ગોકુલ નગરમાં કાળા પાણીથી રહીશો ત્રસ્ત, લોકો રસ્તા પર ઉતર્યા

આવક ઓછી હોવા છતાં રહીશો બહારથી પાણી લાવવા મજબૂર

(પ્રતિનિધિ) વડોદરા તા.31

વડોદરાના વોર્ડ નંબરે 12 માં આવેલા ખિસકોલી સર્કલ નજીક, ગોકુલ નગરમાં છેલ્લા કેટલાય મહિનાઓથી સ્થાનિક રહીશોને ઝેર જેવા દુર્ગંધ અને કાળા રંગના ગંદા પાણી પીવાથી તણાવનો સામનો કરવો પડી રહ્યો છે. લોકોનું કહેવું છે કે પીવાનું પાણી એવું કાળુ આવે છે કે તેને પીવું અત્યંત મુશ્કેલ બની ગયું છે અને તંત્રના વારંવાર રજૂઆત અને ફરિયાદો છતાં કોઈ યોગ્ય પગલા લેવામાં નથી આવતા. આ કારણે સ્થાનિકો પોતાના ઘર વપરાશ માટે બહારથી વેચાતું પાણી લાવવા મજબૂર થઈ ગયા છે, જેને કારણે તેમના ખર્ચામાં વધારો થયો છે જ્યારે તેમની આવક ઓછા પ્રમાણમાં છે.

સ્થાનિક લોકોએ વડોદરા પાલિકા, સ્થાનિક કાઉન્સિલરો અને અધિકારીઓની નિષ્ક્રિયતા સામે રોષ તથા વિરોધ પ્રદર્શન પણ કર્યું છે. લોકોનો આક્ષેપ છે કે વીજળી અને વેરા બિલો સમયસર આવ્યા પણ પાણીનો પુરો પૂરવઠો કરવામાં કાંઈ ધ્યાન આપતું નથી.

આ વિસ્તાર સહિત વડોદરાના અન્ય વિસ્તારોમાં પણ, જેમ કે તાંદલજા, કારેલીબાગ, રામેશ્વર સોસાયટી અને વારસિયા વિસ્તાર, લાંબા સમયથી પીવાનું પાણી ગંદુ અને દૂષિત આવવાનું ચાલતું રહ્યું આવ્યું છે. જ્યાં વિભાગીય તંત્ર બેદરકારી બતાવે છે અને લોકોના ત્રાસના મુદ્દાઓ ઉપર ગંભીરતાથી ધ્યાન નથી આપતું.

આખા વિસ્તારમાં ઝુપડપટ્ટી અને ગરીબ લોકો રહે છે શું એટલા માટે આ વિસ્તારનો વિકાસ કે આ વિસ્તારમાં રહેતા લોકો નું કોઈ સાંભળવા તૈયાર નથી? આ કોઈ વિસ્તાર પ્રાથમિક સુવિધાઓથી વંચિત છે. શું અમારા જેવા ગરીબનું કોઈ સાંભળવા કે તકલીફમાં સહારો આપવા ઉભો રહેશે ખરું? જ્યારે ઈલેક્શન હોય છે ત્યારે રોડ રસ્તાથી માંડીને પીવાના પાણી તમામ વ્યવસ્થાઓ તાત્કાલિક ધોરણે થશે તેવું કેનારા વિસ્તારના કાઉન્સિલરો પણ ઈલેક્શન પછી દેખાતા નથી.

સાથે-સાથે, પાણીના પ્રશ્નને લગતા આક્ષેપો દરમ્યાન લોકો અનેક વખત ઝેરી અને બિનમર્યાદિત પાણી મિશ્રણ અંગે ચિંતા વ્યક્ત કરી ચૂકે છે જે આરોગ્ય જોખમનો પણ વિષય છે.

આ સમગ્ર પરિસ્થિતિ સ્થાનિકો માટે ગંભીર છે અને તંત્ર દ્વારા તાત્કાલિક અને અસરકારક હસ્તક્ષેપ કરવામાં આવે એમ લોકોની માંગ ઊભી થઈ છે, નહીં તો વિરોધ આંદોલન વધુ ભારે બની શકે છે.

આવાં સંજોગોમાં, પાણીની શુદ્ધતા અને પુરવઠામાં સુધારો લાવવો મુખ્ય આવશ્યકતા બની છે જેથી સ્થાનોમાં પાણીજન્ય રોગચાળો ન ફેલાય અને લોકોને સ્વચ્છ પાણી મળે.

પતરા કાંડમાં ભાજપના એક નેતાએ પોતાના પતરા ચાંદીના કરવા ખેલ કર્યો હતો

વડોદરા મહાનગરપાલિકાની લોબીમાં આજકાલ પતરા કાંડની ગુંજ છે. પતરાના ખેલમાં દરેક જણ પોત પોતાની મલાઈ કાઢી લેવાની વેતરણમાં છે. જે લોકો રહી ગયા તે અવનવી રીતે નિસાસા નાંખી રહ્યા છે. આવી રીતે રહી ગયેલામાં ભાજપના એક એવા નેતા પણ છે કે જેઓ ભૂતકાળમાં પાલિકાના મહત્વના હોદ્દા પર બિરાજી ચૂક્યા છે અને હાલમાં પણ દૂધ અને દહીં બંનેમાં પગ રાખી ડબલ ઘોડે સવારી કરી રહ્યા છે. કહેવાય છે કે કોરોના કાળમાં કરેલા કામના રૂપિયા કઢાવવા પાલિકાના પગથિયા ઘસતા કોન્ટ્રાકટર આ નેતા પાસે જઈને કરગર્યા હતા. ત્યારે આ નેતાએ એવી ફોર્મ્યુલા રજૂ કરી કરી હતી કે હું બિલ કઢાવી આપું તો તારે મને 80 લાખ રૂપિયા આપી દેવા પડશે. જોકે, તે સમયે આ વાત આગળ વધી નહીં પરંતુ આ નેતા હોદ્દામાં આગળ વધી ગયા. હવે આ નેતા પ્રામાણિકતાનો એવો દંભ કરતા ફરે છે કે હું તો કોઈ પાસે એક રૂપિયો પણ માગતો નથી. જોકે, પક્ષમાં બધા જ જાણે છે કે નેતા રાજકારણમાં કેવી રીતે આગળ વધ્યા છે.

ઉત્તર ઝોનમાં પાણી કકળાટ પછી યોગેશ વસાવાના ભૂતકાળની રાજકીય ખેંચતાણ ચર્ચામાં

ઉત્તર ઝોનમાં પાણીના કકળાટ માટે જવાબદાર રોડ વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર યોગેશ વસાવાની સંડોવણી બહાર આવ્યા બાદ હવે તેમનો ભૂતકાળ ચર્ચામાં આવ્યો છે. વાત જાણે એમ છે કે, ઉત્તર ઝોનમાં યોગેશ વસાવા જે તે સમયે પાણી પુરવઠા વિભાગમાં નાયબ કાર્યપાલક ઈજનેર હતા ત્યારે ભાજપના જ બે ગ્રૂપ આ અધિકારી માટે અંદરોઅંદર બાખડયા હતા. ભાજપનું

એક ગ્રુપ યોગેશ વસાવાને ઉત્તર ઝોનમાંથી હટાવવા માટે રજૂઆતો કરતું હતો તો બીજું ગ્રુપ યોગેશ વસાવા ઉત્તર ઝોનમાં જ રહે તે માટે એડીચોટીનું ઝોર લગાવી રહ્યું હતું. આખરે હાલ હોદ્દાઓ ધરાવતું ગ્રુપ યોગેશ વસાવાની બદલી કરાવવામાં સફળ રહ્યું. જો કે, હવે યોગેશ વસાવાનું કારસ્તાન બહાર આવતા એવી પણ ચર્ચાઓ શરૂ થઈ છે કે, આમાં પણ કોઈ રાજનીતિ તો નથી કે કેમ!

આઈપીએસની ઓફિસને પણ ટક્કર મારે એવી એક પોલીસ સ્ટેશનના પીઆઈની ચેમ્બર કેવી રીતે બની?

પોલીસ વિભાગમાં ઘણા કર્મચારીઓ અને અધિકારીઓ ભરત બજાવી રહ્યા છે. આ પોલીસ કર્મચારીઓ ને જાહેર જનતાની સુરક્ષા કરવા માટે તેમજ ગેરકાયદે ધમધમતા હોય તેવા જુગાર દારૂ નસાયુક્ત પદાર્થના વેચાણ પર કાર્યવાહી કરીને આવો ગેરકાયદે રીતે ધંધો કરનાર બુટલેગરો તથા જુગારના અડ્ડા ચલાવનાર શખ્સો વિરુદ્ધ એક્શન લેવાનું હોય છે. પરંતુ ઘણા ખરા લાલચી અધિકારીઓ અધિકારીઓ અને કર્મચારીઓ સરકાર પાસેથી તગડો પગાર વસૂલ કરતા હોવા છતાં ગેરકાયદે ધંધો કરતા લોકો પાસેથી તોડપાણી કરવા ગેરકાયદે ધંધો કરનાર લોકો પાસે હપ્તા બાંધી રૂપિયા ઉઘરાવવામાં માટે તેમને ધંધો કરવાની પરમિશન આપી દેવામાં આવતી હોય છે. સુત્રોમાથી જાણવા મળ્યા મુજબ વડોદરા શહેર પોલીસ વિભાગમાં આવેલા એક પોલીસ સ્ટેશનમા ઘણા પીઆઇ બદલાઈ ગયા પરંતુ આ તમામ પીઆઇ એ એક જ ચેમ્બરમા વર્ષોથી બેસતા હતા. પરંતુ હાલના પીઆઈ એ જ્યારથી આ પોલીસ સ્ટેશનનો ચાર્જ સંભાળ્યો તેના થોડા જ મહિનામાં પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી એટલી હદે ઉઘરાણા ચાલુ કરી દીધા હતા કે હાલમાં તેઓએ આ હપ્તાખોરીના રૂપિયામાંથી લખોનો ખર્ચો કરીને એક આઇપીએસની અધિકારીની ઓફિસને પણ ટક્કર મારે એવી પોતાની ચેમ્બર બનાવી દીધી છે. આ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી એક અરજદારની કાર ખોવાઈ ગઈ હતી. ત્યારે આ પીઆઈએ કાર પરત અપાવવા માટે અરજદાર પાસે એસી ની માંગણી પણ કરી હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારે આંખ અંઝાઈ જાય તેવી અઢળક ખર્ચો કરીને તૈયાર કરેલી ચેમ્બરમાં પણ આ રીતના જ લોકો પાસેથી રૂપિયા ઉઘરાવીને ખર્ચો કરવામાં આવ્યો હતો તેવી ચર્ચા એ પણ જોર પકડ્યું છે.

આઈએએસના પત્નીને મનમોહનના સમોસા જ ભાવે..!

વડોદરા મહાપાલિકામાં કાર્યરત બે આઈએએસ પૈકી એક આઈએએસના પત્નીને મનમોહનના સમોસા જ ખાવાની આદત પડી ગઈ છે. સમોસા ખાવા માટે આઈએએસના પત્ની પાલિકાના કર્મીઓને દોડાવે છે. અગાઉ પણ આ આઈએએસના પત્ની શાકભાજી, ફ્રૂટ અને લોન્ડ્રીના કપડાં જેવા કામો પાલિકાના કર્મીઓ પાસે કરાવતા હતા. હવે મનમોહનના સમોસા પણ એમના ફેવરીટ બન્યા છે. જે માટે પાલિકાના કર્મીઓને જ મોકલવામાં આવે છે. એટલું જ નહીં, આ અધિકારીના ઘરના મુખ્યત્વે કામો માટે પાલિકાના કર્મીઓને જ લગાડી દેવામાં આવ્યા છે.

ભાજપના આંતરિક વિખવાદ બાદ ગાયબ રહેલા મહિલા અધિકારી ફરી સક્રિય

પાલિકાના એક મહિલા અધિકારી થોડા સમય અગાઉ ભાજપના નેતાઓના આંતરિક વિખવાદમાં વિવાદના કેન્દ્રમાં રહ્યા હતા. વિવાદ એટલો વધી ગયો હતો કે, પાલિકાને તેમને સોંપેલી કામગીરીમાંથી દૂર કરી વોર્ડમાં મોકલી દીધા હતા. જે બાદ આ મહિલા અધિકારી ઘણો સમય ગાયબ જેવા જ રહ્યા હતા. જો કે, હવે સમગ્ર મામલો ઠંડો પડતા આ મહિલા અધિકારી ફરી એકવાર સક્રિય થયા છે. એટલું જ નહીં, પોતાની પ્રસિદ્ધિ માટે તેઓ સોશિયલ મીડિયા અને મિડીયાનો સહારો લીધો છે. જેથી ફરી તેમની નોંધ લેવાય અને પાલિકામાં પાછા ફરી શકે.

વડોદરા કોંગ્રેસના બંટી બબલીથી પક્ષે કિનારો કર્યો

વડોદરા શહેરની કોંગ્રેસમાં છેલ્લા કેટલાક દિવસોથી રાજકીય ગરમાવો વધ્યો છે. બંટી બબલીની જોડી સામે ભ્રષ્ટાચારના આરોપો કરવામાં આવ્યા છે. મળતી માહિતી પ્રમાણે, ગુજરાત પ્રદેશ કોંગ્રેસના રાજકીય નેતાઓએ બંનેને પાર્ટીમાંથી દૂર રાખવાનો નિર્ણય લીધો છે. આ જોડી ઉપર કરોડો રૂપિયાનું ફાર્મહાઉસ ખરીદવાનો, અનેક લક્ઝરી ગાડીઓનો અને પાર્ટીના પ્રમુખ તથા કાર્યકર્તાઓને જરૂરી સહાય ન આપવાનો, ભ્રષ્ટાચારનો આરોપ લાગ્યો છે. કોંગ્રેસના હાલના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા અને અગ્રણીઓએ સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે આ જોડી હવે પાર્ટીની કોઈ પ્રવૃત્તિમાં ભાગ લઈ શકશે નહીં. કહેવામાં આવે છે કે કોર્પોરેશનના કાર્યકાળ દરમ્યાન બબલીએ ભાજપ સાથે મળીને આર્થિક ગોટાળા કર્યાનો મામલો સામે આવ્યો છે. આ ઘટનાને કારણે શહેર કોંગ્રેસમાં જૂના અને નવા સંગઠન વચ્ચે ફૂટ પડતા રાજકીય પરિસ્થિતિ વધુ બગડી ગઈ છે. એવું કહેવાય છે કે હવે આ જોડી આપમાં જોડાવાની તૈયારી કરી રહી છે.

આઈએમએ ભવન ખાતે 200થી વધુ મેડિકલના સ્ટુડન્ટ્સે કેસરિયો ધારણ કર્યો

વિચારધારાથી અવગત કરાવી વધુમાં વધુ યુવાઓને બીજેપીમાં જોડવા પ્રયાસ : શહેર પ્રમુખ ડો.જયપ્રકાશ સોની

(પ્રતિનિધિ) વડોદરા,તા.31

વડાપ્રધાન મોદીની મન કિ બાતમાં પ્રેરણાદાયક ઘટનાઓ અને સંશોધન અંગે તેમના વિચારો જન જન સુધી પહોંચાડે છે. ત્યારે વડોદરા બીજેપીના પ્રમુખ ડો.જયપ્રકાશ સોનીએ ઈન્ડિયન મેડિકલ એસોસિએશન ભવન ખાતે યુવા ડોક્ટરો સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મન કી બાતનો કાર્યક્રમ નિહાળ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં આઈએમએના ડોક્ટરો હાજર રહ્યા હતા. કાર્યક્રમ બાદ 200 જેટલા ડોક્ટરો બીજેપીમાં જોડાયા હતા.

કાર્યક્રમના અંતે ડોક્ટર સેલ દ્વારા નવ નિયુક્ત 200 જેટલા ડોક્ટરો બીજેપીમાં જોડાયા હતા. પ્રમુખ દ્વારા તેમનું ખેસ પહેરાવીને સ્વાગત કરવામાં આવ્યું હતું. આ અંગે માહિતી આપતા આઈએમએના પ્રમુખ મિતેષ શાહે જણાવ્યું હતું કે, યુવા વર્ગ જે 18 વર્ષ પુરા કરીને જેઓ મેડિકલ કે અન્ય કોલેજમાં પ્રવેશ લઈ રહ્યા છે, તે યુવાઓને ભારતીય જનતા પાર્ટીની વિચારધારાની ખબર પડે એના માટે આ આજના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાજપની વિચારધારાને બધા અનુસરતા જ હોય છે,ત્યારે, આજે 200 થી પણ વધારે મેડિકલના સ્ટુડન્ટ ભારતીય જનતા પાર્ટીના વડોદરા મહાનગરના ડોક્ટર સેલના માધ્યમથી જોડાયા છે અને આગામી દિવસોમાં વધારેમાં વધારે કોલેજોમાં અમે આ કાર્યક્રમનું આયોજન કરવા જઈ રહ્યા છે.

FSSAI લાઈસન્સ ધારકો માટે બિઝનેસની ખરીદીને સુવ્યવસ્થિત કરવાનો માર્ગ મોકળો થયો

વડોદરા: એમેઝોન બિઝનેસે આપેલા એક્સેસ અંતર્ગત સમગ્ર ભારતના ઉદ્યમ અને એફએસએસએઆઈ લાઈસન્સધારકો હવે એમેઝોન બિઝનેસ પર સાઈન અપ કરી શકશે. તહેવારોની સીઝન પહેલાં આ વિસ્તરણ થવાથી દેશની 5 કરોડથી વધુ એમએસએમઈ (સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોના 80%) જીએસટી અને બી-પાનના વર્તમાન વિકલ્પોની સાથે એમેઝોન બિઝનેસના માધ્યમથી ડિજિટલ ખરીદી પણ કરી શકશે.

એમેઝોન બિઝનેસના ડિરેક્ટર શ્રી મિત્રંજન ભાદુરીએ જણાવ્યું હતું કે, ''એમએસએમઈ ખરીદદારો માટેપ્રોક્યોરમેન્ટ ઘણીવાર ભુલભુલામણીમાં ભટકવા જેવું થઈ પડે છે - જેમાં અનેક વિક્રેતાઓ, અસંગત કિંમતો અને લાંબી પ્રક્રિયાઓ હોય છે.એમેઝોન બિઝનેસમાં, અમે આ સમસ્યાને નિરંતરપણે ઉકેલી રહ્યાં છીએ અને ખરીદીની પ્રક્રિયાને સરળ તથા કાર્યક્ષમ બનાવી રહ્યાં છીએ.જોકે, અત્યાર સુધી, એમેઝોન બિઝનેસનુંએક્સેસ જીએસટી અને બિઝનેસ પાન ધરાવતા વ્યવસાયો પૂરતું જ મર્યાદિત હતું.સમયાંતરે અમને ઉદ્યમ અને એફએસએસએઆઈ જેવા અન્ય બિઝનેસ લાઈસન્સ ધરાવનારા ઘણાંમાઈક્રો-વ્યવસાયો પાસેથી જાણવા મળ્યું છે કે,તેમને પણ એમેઝોન બિઝનેસ દ્વારા પૂરી પાડવામાં આવતી ડિજિટલ ખરીદીનો લાભ થશે.

નવલખી મેદાન ખાતે ક્રેડાઈ દ્વારા નવરાત્રી ગરબાનું આયોજન

ખેલૈયાઓની સુરક્ષા માટે ગ્રાઉન્ડ ઉપર 400 સુરક્ષા ગાર્ડ તૈનાત રહેશે

(પ્રતિનિધિ) વડોદરા તા.31

શહેરના રાજમહેલ રોડ પર આવેલા નવલખી મેદાન ખાતે ક્રેડાઈ વડોદરા (વીએનએફ) દ્વારા વડોદરા નવરાત્રી ફેસ્ટિવલનુ ભવ્યાતી ભવ્ય ડિઝાઈનો સાથે ડેકોરેશનનુ આયોજન કરવામાં આવનાર છે. રવિવારે વાસણા-ભાઈલી રોડ ખાતે યોજાયેલી પત્રકાર

પરિષદમાં માહિતી આપતા મયંકભાઈ પટેલે જણાવ્યું હતું કે વીએનએફ દ્વારા છેલ્લા 11 વર્ષથી નવરાત્રી ગરબા યોજવામાં આવે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ માતાજીની આરાધના માટે સંપૂર્ણ અને સુરક્ષિત આયોજન કરવામાં આવ્યું છે . 'વોકલ ફોર લોકલ એટલે વડોદરાનું આર્ટ' અંતર્ગત ખેલૈયાઓ માટે ગરબા વૃંદ દ્વારા સ્વ હસ્તે લખેલા 5 થી 7 ગરબા વિશેષ રજૂ કરવામાં આવશે. એક સપ્ટેમ્બર થી સમગ્ર ટીમ ગ્રાઉન્ડ ઉપર કામે લાગી જશે તેમજ ખેલૈયાઓના ઉત્સાહને ધ્યાનમાં રાખીને દર વર્ષ કરતાં આ વર્ષે ગ્રાઉન્ડ થોડો હજી મોટો કરવામાં આવશે. ગ્રાઉન્ડ ઉપર કુલ 400 સુરક્ષા ગાર્ડ તૈનાત રહેશે. જેમાં 150 જેટલી મહિલા સુરક્ષા ગાર્ડ અને 350 પુરુષ સુરક્ષા ગાર્ડ ફરજ બજાવશે.

સમસ્ત વૈષ્ણવ વણિક પરિવારની નવી ઓફિસનું ભવ્ય ઉદ્ઘાટન

નવીન UPSC/GPSC ભવનની જાહેરાત કરાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.31

વડોદરાઃ સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર વર્ષ ૨૦૧૦થી અવિરત ચાલતી સંસ્થા છે, વૈષ્ણવ સમાજ ના વિવિધ ઘટકોને એક જૂટ કરતી સંસ્થા દ્વારા વૈષ્ણવ સમાજની સેવા અને સંકલ્પને વધુ મજબૂત બનાવવા માટે સમાજની નવી ઓફિસનું ઉદ્ઘાટન આજે રોજ ૩૧ ઓગસ્ટ, રાધાષ્ટમીના શુભ દિને ૪૧૦, વિન્ડસર પ્લાઝા,

અલકાપુરી ખાતે કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વાણિજ્ય ભવન ખાતે સૌ સમાજના અગ્રણીઓ, સભ્યો દ્વારા માન.પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી ની મન કી બાત નું શ્રવણ કર્યું હતું.

આ પ્રસંગે ઉદ્ઘાટક શ્રી ડો.વિજયભાઈ શાહ તથા મુખ્ય અતિથિ તરીકે શ્રી કિરીટભાઈ શાહ svvp બૃહદ પ્રમુખ, શ્રી દક્ષેશભાઈ શાહ svvp બૃહદ મહામંત્રી, શ્રી ભૂપેન્દ્ર લખવાલાજી પૂર્વ મંત્રીશ્રી તથા વિશિષ્ટ અતિથિ તરીકે શ્રી સ્નેહલભાઈ ધારિયા દાહોદ જિલ્લા પ્રમુખ, શ્રી મયંકભાઈ દેસાઈ પંચમહાલ જિલ્લા પ્રમુખ, ગોપીભાઈ દેસાઈ દાહોદ નગર પાલિકા પ્રમુખ સહિતના અમદાવાદ તથા સુરતના અગ્રણીઓ, સમાજના આગેવાનો, વિવિધ પ્રતિષ્ઠિત મહાનુભાવો તેમજ મોટી સંખ્યામાં સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

સોલંકી પરિવાર, સવાદ ક્વાર્ટર્સ, હરણી રોડ

ઊંડા ફળિયા ઉમાપુત્ર, વાઘોડિયા રોડ

કરણ તુકારામ ઘાગ, સલાટવાડા